લયાવસ્થાની પ્રાપ્તિ પછીની યાત્રા –
જ્યારે પાણી ભૂલી જાય છે કે તે હાઇડ્રોજન હતું

પૂજ્ય દાજીના

70મા જન્મદિવસ નિમિત્તે
28 સપ્ટેમ્બર, 2025, કાન્હા શાંતિવનમ

લયાવસ્થાની પ્રાપ્તિ પછીની યાત્રા – જ્યારે પાણી ભૂલી જાય છે કે તે હાઇડ્રોજન હતું

પ્રિયજનો,

મોટા ભાગના લોકો માને છે કે મુક્તિ અથવા તો નિર્વાણ, એ આધ્યાત્મિક વિકાસની પરાકાષ્ઠા છે. તે લોભ, દ્વેષ, ઘમંડ અને અજ્ઞાનનાં પ્રજ્વલિત અગ્નિને બુઝાવનાર છે. તે પીડા અને મૃત્યુનાં ચક્રનો અંત છે. તે મુક્તિની અંતિમ અવસ્થા છે.

તે પછી, જ્યારે અહંકાર પોતાની અગ્રીમતા છોડવાનું શીખી જાય છે, ત્યારે આપણે કબીરસાહેબની વાતોનાં આધાર પર, લયાવસ્થા વિશે સમજવા માંડીએ છીએ. કબીર સાહેબ આ વાતને ખૂબ જ સરળ રીતે કહે છે. તેઓ કહે છે કે આ લયાવસ્થાની પ્રાપ્તિ સમુદ્રમાં વરસાદના ટીપાં પડે, તે પછીની સ્થિતિ જેવી હોય છે. તે પછી, સમુદ્ર બનવાની અનુભૂતિનું વર્ણન કરવા માટે એકેય ટીપુ શેષ નથી રહેતું.

બાબુજીનું ચોંકાવનારું નિવેદન એ છે કે, “લય પામવું, એ ખરેખર તો શરૂઆત છે.” તેમનું આ નિવેદન આપણી વિચારવાની દિશાને બિલકુલ ઉલટાવી દે છે! આપણે જેને યાત્રાનો અંત માનતા હતા, તે ખરેખર તો આપણી સાચી યાત્રાની શરૂઆત માટેની તૈયારી હતી.

બીજા શબ્દોમાં કહીએ તો, સંગીતકારો પોતાનું વાદ્ય શીખવામાં વર્ષો પસાર કરે છે. જ્યારે તેઓ તેમાં સંપૂર્ણ નિપુણતા મેળવી લે છે, પછી જ તેઓ સાચા સંગીતનું સર્જન શરૂ કરી શકે છે અને ત્યારે, તેમનામાં અને તેમનાં સંગીતમાં કોઈ તફાવત નથી રહેતો. ટેકનીકો શુદ્ધ અભિવ્યક્તિનો માર્ગ ખોલી આપે છે.

હવે પ્રશ્ન એ છે કે – સંગીતકાર અને સંગીતની આ એકતાથી આગળ શું છે? તે છે, એ મૌન કે જેમાંથી બધું સંગીત આવે છે અને જેમાં તે સંગીત લય પામે છે. એટલે ખોખલું મૌન નહીં, પરંતુ શક્ય એટલાં બધાં જ સૂરોથી સભર એવું મૌન. નિષ્ણાત સંગીતકાર જાણે છે કે સૌથી મધુર સંગીત તો સૂરો વચ્ચેની જગ્યાઓમાં જ વાગતું હોય છે.

> "લય પામવું, એ ખરેખર તો શરૂઆત છે."
>
> –બાબુજી

ચાલો, આપણે જોઈએ કે લયાવસ્થામાં શું થાય છે અને તેનાથી આગળ પછી શું થાય છે.

પ્રથમ, આપણે જાણવાની જરૂર છે કે આ લયાવસ્થા કોણ ઇચ્છે છે અને શોધ પૂરી થઇ ગઈ છે, તેવું જાણવા માટે કોણ બાકી રહ્યું હોય છે? પાણીનાં એક ટીપાનો દાવો કે, 'હું હવે મહાસાગર બની ગયું છું!' એ જ દર્શાવે છે કે હજી લયાવસ્થા આવી નથી. સાચી લયાવસ્થામાં આવો કોઈપણ દાવો કરવા માટે કોઇ 'હું' બાકી રહેતો નથી તથા પોતાને અલગ કરીને વિચારી શકે, તેવું કોઈ અસ્તિત્વ બાકી રહેતું નથી. કોઈ ટીપું એમ નથી કહી શકતું કે, "હું હવે મહાસાગર છું," કારણ કે 'હું', એમ કહી શકે, એવું કંઈ પણ બાકી રહ્યું નથી હોતું. આપણે જાણીએ

છીએ કે આ મૃત્યુ નથી; પરંતુ તે સૌથી મોટું પરિવર્તન છે. મૃત્યુ પણ શાશ્વત જીવન તરફ દોરી જઈ શકે છે.

હવે, આ વિશે વિચારવા માટે થોડો સમય આપો કે – એ ટીપું, કે જે પૂછતું હતું કે, 'સમુદ્ર-પણાનો અનુભવ કોણ કરે છે?', તે તો હવે નથી રહ્યું. તે એવું છે કે, 'જ્યારે મીણબત્તીની જ્યોત જંગલની આગમાં જોડાઈ જાય, ત્યારે તે શું વિચારે?' આ પ્રશ્ન એક એવાં વિચાર કરનારની ધારણા કરવા જેવું છે કે જેનું હવે અસ્તિત્વ જ નથી.

કુદરત આપણને સૌથી સામાન્ય બાબતોમાં આ મહાન રહસ્ય બતાવે છે. હાઇડ્રોજનનું ઉદાહરણ લો – તે વિસ્ફોટક છે, ખતરનાક છે અને આગ પકડી લે, તેવો વાયુ છે. ઓક્સિજન એવો વાયુ છે, જે આગને વધારે છે અને તેને ઝડપથી પ્રજ્વલિત કરે છે. આમ, તે બંને પોત-પોતાની રીતે નુકશાનકારક જણાય છે. પરંતુ જ્યારે તે બંને યોગ્ય માપમાં, યોગ્ય રીતે, ભેગા થાય છે, ત્યારે શું સર્જાય છે? પાણી! એ પાણી, જે બધું જ કાર્યરત રાખે છે અને જે સમગ્ર જીવનનો આધાર પણ છે.

હવે સાંભળો. હાઇડ્રોજનનું શું થયું? ઓક્સિજન ક્યાં ગયો? તે બંને નાશ નથી પામ્યા; તેઓ બંને એક એવી વસ્તુમાં ફેરવાઈ ગયાં છે, જેની તેમણે કદી કલ્પના પણ ન કરી હોય! હાઇડ્રોજન એમ કહી શકતું નથી કે, 'હું હવે પાણી છું,' કારણ કે એવું કહી શકે તેવો કોઈ શુદ્ધ હાઇડ્રોજન હવે રહ્યો જ નથી. એક નવાં અસ્તિત્વનો ઉદ્ભવ થાય છે, જે બંને મૂળ તત્ત્વોથી અલગ જ છે અને તેનો હેતુ પણ અલગ છે.

હવે, ક્લોરિન અને સોડિયમ પણ કેટલી બધી અદ્ભુત બાબતો કરી શકે છે! ક્લોરિન એક ઝેરી ગેસ છે, જેનો ઉપયોગ યુદ્ધમાં થાય છે અને સોડિયમ પાણીના સંપર્કમાં આવે, ત્યારે સળગી ઊઠે છે. પરંતુ જ્યારે તે બંને એકઠા થાય છે, ત્યારે તેઓ ખાદ્ય મીઠું બનાવે છે, જેની આપણા શરીરનાં કોષોને જરૂર હોય છે. જીવલેણ

બાબત હવે એક જરૂરી વસ્તુ બની ગઈ છે તથા ઝેરી વસ્તુ હવે એક સલામત વસ્તુ બની ગઈ છે.

સમુદ્રમાં જોડાતી નદીઓ, સમુદ્રમાં પડતા વરસાદનાં ટીપાં અને ઓક્સિજન સાથે જોડાતો હાઇડ્રોજન; એ બધી પ્રક્રિયાઓ, એ જણાવવા માટે છે કે પરસ્પર જોડાવું, એ હેતુ છે. તે દર્શાવે છે કે વિલીનીકરણમાં બે વસ્તુઓ એક સાથે મુકાતી હોય છે, એટલું જ નહીં, પરંતુ તેમાં કંઈક નવું અને વધુ અર્થપૂર્ણ બનતું હોય છે. આ એક નવી ઓળખ પામવા માટે, જૂની ઓળખ ત્યજવા વિશેની વાત છે, કે જેનો ઉપયોગ કરીને બધાં એક મહાન હેતુ પામી શકે છે.

- **એક મહાન હેતુ માટે પોતાનું લુપ્ત થવું –** તે એવું નથી કે એક વસ્તુ બીજી વસ્તુ પર કબજો કરતી હોય. એક નવા, ઉચ્ચતર હેતુમાં જોડાવા માટે, તે બંને અસ્તિત્વો પોતાના મૂળ અસ્તિત્વનો ત્યાગ કરે છે. આ બાબતનો વિચાર એ રીતે કરી જુઓ કે તમે કશાકનો એટલા માટે ત્યાગ કરો છો, જેથી તમને સંતોષ અનુભવાય.

- **માત્ર બે વસ્તુઓનું મિશ્રણ જ નહીં, પરંતુ તે બંનેની સ્થિતિનો બદલાવ –** સામાન્ય જોડાણ, એ બે અલગ અલગ રંગોને ભેગા કરીને નવો રંગ મેળવવા જેવું છે. બીજી બાજુ, એક ઉત્કૃષ્ટ જોડાણમાં બે વસ્તુઓ એકબીજા સાથે જોડાઈને એક સંપૂર્ણપણે નવી વસ્તુ બનાવે છે, જેમ કે હાઇડ્રોજન અને ઓક્સિજન એકબીજા સાથે જોડાઈને પાણી બનાવે છે. તે બન્ને ફક્ત 'મિશ્રણ' નથી બનાવતાં; પરંતુ બન્ને પરિવર્તિત થઇ જાય છે.

- **છેવટનું અનપેક્ષિત પરિણામ –** નૂતન ઉત્કૃષ્ટ અસ્તિત્વ એવી એવી બાબતો કરી શકે છે, જે મૂળ અસ્તિત્વોમાંનું કોઈ પણ પોતાની જાતે કરી શક્યું ન હોત. નવાં અસ્તિત્વમાં નવી ક્ષમતા હોય છે, એક નવું મન અથવા એક નવું લક્ષ્ય હોય છે, જે તે જોડાણ વિના મેળવી શકાયું ન હોત.

જ્યારે બાબુજી કહે છે કે લયાવસ્થાની પ્રાપ્તિ, એ તો ફક્ત શરૂઆત છે, ત્યારે ઘણા લોકો આઘાત પામે છે. તેઓ કહે છે, “ગુરુજી, એક થઇ જવું, એ જો અંત ન હોય, તો તે પછી અંત શું હોય?”

એક ઉત્કૃષ્ટ જોડાણમાં બે વસ્તુઓ એકબીજા સાથે જોડાઈને એક સંપૂર્ણપણે નવી વસ્તુ બનાવે છે, જેમ કે હાઇડ્રોજન અને ઓક્સિજન એકબીજા સાથે જોડાઈને પાણી બનાવે છે. તે બન્ને ફક્ત ‘મિશ્રણ’ નથી બનાવતાં; પરંતુ બન્ને પરિવર્તિત થઇ જાય છે.

હું મારા અનુભવો પરથી જે શીખ્યો છું, તે આ છે –

પહેલાં લયાવસ્થા આવે છે, જે રીતે સમુદ્ર હાથ ફેલાવીને નદીનું સ્વાગત કરે છે, તેના જેવું આ છે. તે પછી હજુ, ઝાંખી ઝાંખી પણ નદી હોવાની યાદ હોય છે. નદીની આ ગતિને એવી ગતિ સમજો કે જે પોતાના જ લોકમાં, એટલે કે સાલોક્યતામાં પહોંચાડે.

તે પછી, આપણે જેમ જેમ પરિપક્વ થતાં જઈએ છીએ, એકસમાન બનતા જઈએ છીએ, તેમ તેમ અલગ-અલગ હોવાની સ્મૃતિ પણ ઝાંખી થઇ જાય છે. સોડિયમ હવે પોતે સોડિયમ હતું, તે યાદ રાખતું નથી. તે ફક્ત મીઠું છે અને તે ફરી પાછું વિસ્ફોટક પ્રકૃતિનું બનવા માંગતું નથી.

જો કે આ પણ એકદમ નજીકતા માટે, એટલે કે સામીપ્યતા માટે પૂરતું નથી. હવે આપણી વ્યક્તિગત ‘ઇચ્છા-શક્તિ’ જતી રહી હોય છે અને જોડાણ એટલું ચોકસાઈથી એક લાઇનમાં ગોઠવાયેલું હોય છે કે ‘દિવ્ય ઇચ્છા’ કોઈપણ પ્રતિકાર વગર કે પ્રવાહની સભાનતા વગર પાત્રમાંથી વહે છે. તે કંઈપણ દૂર ધકેલતું નથી; તે બધું જ અવકાશની જેમ પકડી રાખે છે.

અને આનાથી પણ ઘણું વધારે... ઓહ! કોઈ શબ્દો તેને ન્યાય આપી શકે, એવા નથી. પાણી હાઇડ્રોજન અને ઓક્સિજનને કેવી રીતે કહી શકે કે સજીવોની સંભાળ રાખવાનો અર્થ શું છે? મીઠું સોડિયમ અને ક્લોરિનને કેવી રીતે કહી શકે કે ખોરાકને તાજો રાખવામાં અને લોહીનું નાજુક સંતુલન જાળવવામાં કેટલો આનંદ છે!

પાશ્ચાત્ય ફિલસૂફી 'રિક્તતા'ને ભયાનક શૂન્યતા (nothingness) કહે છે, પરંતુ આપણે તેને સૌથી સક્રિય પૂર્ણતા તરીકે ઓળખીએ છીએ. જ્યારે હાઇડ્રોજન અને ઓક્સિજન ભેગા થઈને પાણી બને છે, ત્યારે શું તે 'કંઈ નહીં'માં ('શૂન્યતામાં') પરિવર્તિત થાય છે? ના! તે બંને હવે સમગ્ર પર્યાવરણને મદદ કરી શકે છે. લયાવસ્થા પછી અહંકારનો ખાલીપો આ રીતે અનુભવાતો હોય છે – તે ખાલી નથી; પરંતુ તે એટલો ઓછો હોય છે કે તેની જાહેરાત કરવાની જરૂર હોતી નથી.

એક વ્યક્તિ કે જેણે સાક્ષાત્કાર પ્રાપ્ત કર્યો છે, તથા લયાવસ્થા પાર કરી લીધી છે, તે એમ નથી કહ્યા કરતી કે, "મેં સાક્ષાત્કાર પ્રાપ્ત કરી લીધો છે!" પાણીએ એમ કહેવાની જરૂર નથી હોતી કે, "હું H_2O છું!" તે વહે છે, પોષણ આપે છે, સાફ કરે છે અને મદદ કર્યા કરે છે; તેનું અસ્તિત્વ જ તેની જાહેરાત છે.

એક વ્યક્તિ કે જેણે સાક્ષાત્કાર પ્રાપ્ત કર્યો છે, તથા લયાવસ્થા પાર કરી લીધી છે, તે એમ નથી કહ્યા કરતી કે, "મેં સાક્ષાત્કાર પ્રાપ્ત કરી લીધો છે!" પાણીએ એમ કહેવાની જરૂર નથી હોતી કે, "હું H_2O છું!" તે વહે છે, પોષણ આપે છે, સાફ કરે છે અને મદદ કર્યા કરે છે; તેનું અસ્તિત્વ જ તેની જાહેરાત છે.

હવે, અહીં વિચારવા જેવો મુદ્દો એ છે કે – આપણું લક્ષ્ય મહાસાગર બનવાનું નથી. મૂળ મુદ્દો એ સમજવાનો છે કે તમે ક્યારેય ટીપું નહોતા. તમે હંમેશાંથી એક મહાસાગર જ હતા, પણ તમે તમારી જાતને ટીપું માનતા હતા. જોકે આ જ્ઞાન, એ અંત નથી; તે ફક્ત વાસ્તવિક કાર્યની શરૂઆત છે.

એકવાર તમને ખ્યાલ આવે કે તમે 'મહાસાગર' જ છો, ત્યારે ફરીથી તમારે સભાનપણે પોતાને સ્વપ્નવત ટીપા તરીકે જોતાં શીખવાની જરૂર છે. આ વખતે, તમે અજ્ઞાનથી નહીં, પરંતુ પરમ જ્ઞાનથી આવું કરશો. આ જ બાબત મુક્ત આત્માને બંધનયુક્ત આત્માથી અલગ પાડે છે: એક વ્યક્તિ પોતે જે જુએ છે, તેમાં વિશ્વાસ કરે છે, જ્યારે બીજી વ્યક્તિ હેતુપૂર્વક તે હોવાની ભૂમિકા ભજવે છે, જેથી અન્ય લોકો સ્વપ્ન જોઈ શકે. બાબુજી કહેતાં કે "જ્યારે હું વાત કરતો હોઉં છું, ત્યારે મને હંમેશાં આશ્ચર્ય થાય છે કે તે વાત કરનાર કોણ છે – લાલાજી, હું, કે અન્ય કોઈ?" આ બધાથી એક વાત ચોક્કસ છે કે, આપણું 'હું-પણું' દૂર થઈ જાય છે.

આપણું લક્ષ્ય મહાસાગર બનવાનું નથી. મૂળ મુદ્દો એ સમજવાનો છે કે તમે ક્યારેય ટીપું નહોતા. તમે હંમેશાંથી એક મહાસાગર જ હતા, પણ તમે તમારી જાતને ટીપું માનતા હતા. જોકે આ જ્ઞાન, એ અંત નથી; તે ફક્ત વાસ્તવિક કાર્યની શરૂઆત છે.

તમે વિચારી રહ્યા હશો, 'આ મહાન વિચારો છે, પરંતુ મારે હજુ પણ દરરોજ સવારે ટ્રાફિક જામ અને અન્ય સમસ્યાઓનો સામનો કરવાનો હોય છે.' એ મુદ્દો સાચો છે. મહાસાગરે એ શીખવાની જરૂર હોય છે કે અસ્તિત્વ ધારણ કર્યા પછી

પોતાની મર્યાદાઓથી સંપૂર્ણપણે વાકેફ હોવા છતાં, અનંતમાં લાંગરેલા રહીને પોતાને અનેક ટીપાં તરીકે કેવી રીતે અનુભવવું.

તમે પૂછી શકો છો કે, "પણ દાજી, વાસ્તવિક જીવનમાં આપણે આ કેવી રીતે કરી શકીએ?"

પાણી જેવા બની રહો. પાણી પોતે પસંદ નથી કરતુ કે કોને મદદ કરવી. તે એમ નથી કહેતું કે "હું ફક્ત સુવર્ણ-માર્ગ પરથી જ પસાર થઈશ." તે એક સમાન જ રહે છે, પરંતુ દરેક પાત્રમાં સમાવા માટે, તે પાત્ર પ્રમાણે પોતે બદલાય છે. જ્યારે ગરમ થાય છે, ત્યારે તે કોઈપણ પ્રતિકાર વિના વરાળ તરીકે ઉન્નત થાય છે. ઠંડુ કરવામાં આવે, ત્યારે તે સરળતાથી થીજી જાય છે. પરંતુ આ બધા ફેરફારો છતાં, તે ક્યારેય ભૂલી શકતું નથી કે તે ખરેખર શું છે – જીવન ચાલુ રાખવાનો એક માર્ગ.

હંમેશાં યાદ રાખો કે સોડિયમે તમને શું શીખવ્યું – જીવન માટે મહત્વપૂર્ણ પાણી પણ જ્યારે ખોટા તત્ત્વોનાં સંપર્કમાં આવે, ત્યારે ખરાબ થઈ શકે છે. આધ્યાત્મિક યાત્રામાં પાણીની અનુકુલનશીલતાની અને આપણને બદલાવામાં મદદરૂપ યોગ્ય વ્યક્તિને પસંદ કરવા માટેનાં જ્ઞાનની, એમ બંનેની જરૂર છે. લગ્નની બાબતોમાં પણ આ જ સિદ્ધાંત પ્રતિસ્પંદિત થાય છે. કલ્પના કરો કે સોડિયમ, ક્લોરિન પાસે આવવાને બદલે, પાણીના સંપર્કમાં આવે છે! તો? ધડામ...

પાણી જેવા બની રહો. પાણી પોતે પસંદ નથી કરતુ કે કોને મદદ કરવી. તે એમ નથી કહેતું કે "હું ફક્ત સુવર્ણ-માર્ગ પરથી જ પસાર થઈશ." તે એક સમાન જ રહે છે, પરંતુ દરેક પાત્રમાં સમાવા માટે, તે પાત્ર પ્રમાણે પોતે બદલાય છે.

આધ્યાત્મિક યાત્રામાં પાણીની અનુકુલનશીલતાની અને આપણને બદલાવામાં મદદરૂપ યોગ્ય વ્યક્તિને પસંદ કરવા માટેનાં જ્ઞાનની, એમ બંનેની જરૂર છે.

લયાવસ્થા પછી શું થાય છે? તે પછી પાણી ઉપરાંતની એ બધી જ વસ્તુઓ કે જેમાં પાણી પરિવર્તિત થઇ શકે કે પાણી કરી શકે, તે બધું થઇ શકે છે. બરફના શિલ્પો એટલા સુંદર હોય છે કે તે તમારો શ્વાસ પણ રોકાઈ જાય; વરાળ મોટા મોટા એન્જિનને શક્તિ આપે છે, વાદળો સુકી જમીન પર વરસાદ લાવે છે, નદીઓ મોટી મોટી ખીણ કોતરી કાઢે છે અને ઝાકળના ટીપાં, આખા સૂર્યને પ્રતિબિંબિત કરે છે.

લય થયા પછી અવકાશમાં પણ ઘણી બાબતો થઈ શકે છે. તે બંને મળ્યા પહેલાં હાઇડ્રોજન અને ઓક્સિજન હતા, પરંતુ તે બંને ભેગા મળીને 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવાં પાણીનું નિર્માણ કરી શકે છે. સંગીત શરૂ થવાની તૈયારીમાં છે અને તેમાં શક્ય એવાં દરેક સૂર-તાલ છે.

જ્યારે બે મહાન 'રિક્તતા' મળે છે, ત્યારે શું થાય છે? તાર્કિક જવાબ એ છે કે કંઈ જ રહેતું નથી એટલે કે 'શૂન્યતા' બાકી રહે છે. પરંતુ આ શૂન્યતા, એ કંઈ શૂન્ય નથી. 'અનંત' એ એક ગાણિતિક ખ્યાલ છે, જે ભારપૂર્વક જણાવે છે કે અનંત અને અનંતનો સરવાળો 'બે અનંત' નહીં, પણ અનંત જ છે.

જ્યારે ગણિતશાસ્ત્રીઓને ખબર પડી કે અનંતતાનું કદ પણ અલગ અલગ હોય છે, ત્યારે તેઓએ એક ગહન આધ્યાત્મિક સત્યનો સ્પર્શ કર્યો. લયાવસ્થાની પાર

માત્ર અનંત વસ્તુઓ જ નથી, અનંતતાઓની અનંતતાઓ પણ છે, દરેક અનંતતા અલગ છે અને બીજી બધાને સમાવે પણ છે. આ જ કારણ છે કે લયાવસ્થાની પ્રાપ્તિ પછી પણ યાત્રા ક્યારેય સમાપ્ત થતી નથી.

હું તમને આ કહેવા માંગુ છું – કે ટીપું સમુદ્ર બનતું નથી; પરંતુ ટીપું શીખે છે કે તે હંમેશાંથી સમુદ્ર જ હતું. પરંતુ આ તો 'અનંત યુનિવર્સિટી'માંના અભ્યાસક્રમનાં પ્રથમ દિવસની શીખ છે. તે શીખની પેલે પાર શું રહેલું છે?

કોઈ એવી વ્યક્તિ જે પેલે પારથી પણ આગળ નીકળી ગઈ હોય, તે વ્યક્તિ જ તમને કહી શકે છે. જ્યારે તેઓ પાછા આવે છે, ત્યારે તેઓ શીખે છે કે શબ્દો કરતાં મૌન વધુ મોટેથી બોલે છે, એટલે કે 'ત્યાં હોવું' એ 'અપાયેલાં ઉપદેશ' કરતાં વધુ શીખવે છે અને કહેવાતી સૌથી મોટી શક્તિમાં પણ કોઈ શક્તિ નથી, પરંતુ ફક્ત હાઇડ્રોજન અને ઓક્સિજનનો શાશ્વત ખેલ રૂપી પ્રેમ જ એ શક્તિ છે, જે એકબીજામાં ઓગળી જાય છે અને જીવન તરીકે જીવંત થઇ પાછા આવે છે.

વસ્તુઓને તોડી નાખવાનો આ જાદુ છે. આ તે રસ્તો છે, જે માર્ગથી પણ આગળ જાય છે. તેથી જ જ્યારે તમે પૂછો છો કે, "વિલયન પછી શું થાય છે?" ત્યારે હું ફક્ત સ્મિત કરી શકું, તમારે કંઈ કહેવાની જરૂર નથી; તમારે જવાબ બનવાની જરૂર છે.

લયાવસ્થાની પાર માત્ર અનંત વસ્તુઓ જ નથી, અનંતતાઓની અનંતતાઓ પણ છે, દરેક અનંતતા અલગ છે અને બીજી બધાને સમાવે પણ છે. આ જ કારણ છે કે લયાવસ્થાની પ્રાપ્તિ પછી પણ યાત્રા ક્યારેય સમાપ્ત થતી નથી.

અને જ્યારે તમે એમ કરશો, ત્યારે તમે સમજી શકશો કે ગુરુદેવો કેમ કંઈ કહેતા નથી. તેઓ ફક્ત તમને પાણીનો ગ્લાસ આપે છે અને રાહ જુએ છે કે તમે એ સમજી શકો કે તે કેટલું મહાન છે. જ્યારે તમે પાણીનો ગ્લાસ પકડો, ત્યારે વિચારો કે હાઇડ્રોજન અને ઓક્સિજન કેવી રીતે કોઈ અન્ય વસ્તુમાં ફેરવાઈ ગયાં છે. તમે 'મહાસાગર' છો અને તમે આશ્ચર્યચકિત છો કે તે કેટલો સ્વચ્છ છે. તમે 'દિવ્ય' છો તથા ધીમે ધીમે તે ખેલ પ્રત્યે જાગૃત થઈ રહ્યા છો.

અને તે સ્મરણમાં, સૌથી અદ્ભુત વસ્તુ બને છે – સામાન્ય લાગતી વસ્તુ પવિત્ર બને છે, બીજી કોઈ વસ્તુમાં પરિવર્તિત થવાથી નહીં, પરંતુ હંમેશાંથી તે જે હતું, તે રીતે જોવાવાથી.

બધી લયાવસ્થાથી પર એવાં 'સર્વોચ્ચ મૌન'માં 'તે' આપણને સાચો માર્ગ પસંદ કરવાનું શાણપણ આપે, એવી પ્રાર્થના.

મહાન ગુરુજીને પ્રાર્થના સાથે,
કમલેશ